ગુરુકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

પોરબંદર

**શીર્ષક :**

# પોરબંદર પંથકના મહેર લોકોની ભાતીગળ સંસ્કૃતિ

પ્રસ્તુતકર્તા

ડો. શાંતિ કે. મોઢવાડિયા

(હિન્દી વિભાગ)

વર્ષ – ૨૦૧૮–૧૯

# પોરબંદર પંથકના મહેર લોકોની ભાતીગળ સંસ્કૃતિ

ભારતીય ઉપખંડ જેવી જ ભૌગોલિક રચના ધરાવતું પોરબંદર શહેર છે. જેની એક બાજુ દરિયો અને બીજી બાજુ બરડાનો ડુંગર આવેલો છે. સૌરાષ્ટ્રના પશ્ચિમ કિનારે અરબી સમુદ્રના તટ પર વિકસેલું પોરબંદર શહેર ૨૧.૧૫° ઉત્તર અક્ષાંશથી ૨૧.૫ અક્ષાંશ અને ૬૯.૫૫° થી ૭૧.૨૫° પૂર્વ રેખાંશ વચ્ચે વિસ્તરેલું છે.

ભૌગોલિક અને ઐતિહાસિક રીતે ગૌરવવંતુ સ્થાન ધરાવનાર આ નગરનું સામાજિક જીવન અને ભાતીગળ સંસ્કૃતિ અદ્‌ભુત છે. પોરબંદર પંથકમાં વિવિધ જાતિના લોકો વસવાટ કરે છે. જેમાંની એક જાતી એટલે મહેર.

## ❖ મહેર જાતિનો ઈતિહાસ

ઈતિહાસકારોના મત મુજબ ખાનદાન અને ખમીરવંત મહેર વંશ એ આર્ય સંસ્કૃતિની રાજપૂત પ્રજાતિ હોવાનું સાબિત થઈ ગયું છે. એક મંતવ્ય પ્રમાણે ઈરાનનો પર્શિયા પ્રદેશ મહેર લોકોનું ઉદ્‌ગમ સ્થાન ગણાય છે. આ જાજરમાન વંશ પર્શિયામાંથી બલુચિસ્તાનમાં થઈને હિન્દુસ્તાનમાં ઈ.સ. પહેલા અંદાજે ચારસો વર્ષ અગાઉ આવ્યા હોવાનું મનાય છે. કાળક્રમે આ જાતિ ઉત્તર ભારતમાંથી રાજપુતાના થઈ ગુજરાતમાં આવી સૌરાષ્ટ્રના નૈઋત્ય સાગર કિનારે સ્થાયી થયેલી જોવા મળે છે. મહેર જાતિ મૂળ પડીહાર, મૈત્રક કે મિહિર રાજવંશ છે જે અહીં આવીને વસી ત્યારથી 'મહેર' તરીકે ઓળખાય છે. આ પ્રજા પ્રાચીન સમયમાં તે કુશળ રાજયકર્તા તરીકે જગ વિખ્યાત બની હતી. આ પ્રખર સમાજ પોતાની શૂરવીરતા, નીડરતા અને સાહસિક પરાક્રમને કારણે રાજયકર્તામાંથી રાજયરક્ષક પ્રજા તરીકે ખ્યાતનામ બની અને સમય જતાં ખેતીના વ્યવસાયને અપનાવ્યો હોવાનું મનાય છે. 'મહેર' લોકો પોરબંદરના જેઠવાઓ સાથે ઈ.સ.ના લગભગ નવમાં કે દશમાં સૈકામાં મોરબી થઈ પોરબંદર આવ્યાની માહિતી પ્રાપ્ત થાય છે. એવું માનવામાં આવે છે કે આ લોકો મારવાડમાંથી જેઠવા સાથે પોરબંદરમાં આવ્યા જે બાબત નિર્વિવાદ છે. મહેર લોકોની વસ્તી બરડા વિસ્તારમાં પથરાયેલી જોવા મળે છે. બરડા ડુંગરની અને પોરબંદર શહેરની પશ્ચિમે આવેલા ઊંચાણવાળા ભાગને 'બરડા પંથક' તરીકે ઓળખવામાં આવે છે. જયારે તેની પૂર્વે આવેલી સાગર કાંઠાની પટ્ટી 'ઘેડ પંથક' કહેવાય છે. જેઓનો મૂળ વ્યવસાય ખેતી અને પશુપાલન છે. સોરઠના બરડા તથા ઘેડ પંથકમાં વસ્તી આ પ્રજા જોરાવર, જાજરમાન અને જાંબાઝ પ્રજા પોતાના શૌર્ય, પરાક્રમ, ખાનદાની, દાતારી, શૂરવીરતા, સાહસ, વચન, વટ, આશરા, ધરમ અને ભકિતને કારણે આજે પણ વિશ્વ વિખ્યાત પ્રજા ગણાય છે.

## ❖ મહેર સમાજનું વિશિષ્ટ ગ્રામ્ય જીવન

મહેર સમાજની આગવી અને વિશિષ્ટ ગ્રામ્ય સંસ્કૃતિ એટલે આ પ્રજા નાનકડા ગામડાઓમાં વસે છે. આ સમાજની રહેણી કહેણી બીજા સમાજ કરતા અલગ છે. મહેર સમાજ પરંપરાગત રીતે સંયુકત કુટુંબપ્રથામાં

માનનારી પ્રજા છે. પ્રાચીન સમયમાં મહેર લોકોની સંયુકત કુટુંબ ભાવના અનુપમ હતી. આ સમાજમાં વીસથી પચ્ચીસ સભ્યોનું કુટુંબ એક જ આદેશ અને એક જ છત્ર નીચે સુખ, શાંતિ અને સહયોગથી પારિવારિક જીવન જીવતા જોવા મળે છે. પરિવારમાં વડિલોનું માન જાળવવામાં આવે છે અને એના આદેશનું પાલન કરે છે. પરિવારમાં વડલો ઘરના બધા સભ્યોને કામની વહેંચણી કરી આપે છે અને બધા સભ્યો હળીમળીને પોતપોતાના કાર્યો કરે છે. તેઓના ઘર માટી, છાણ અને લાદથી લીંપતા હોય છે. ચોમાસા ટાણે મહેર લોકો ખેતરમાં ઝૂંપડા બાંધીને કે અસ્થાયી આવાસ બનાવીને રહેતા પરંતુ આજ ઘર અને ખેતર–વાડી બધું જ સીમમાં હોય છે. ખેડૂત પરિવારનો વસવાટ જ ખેતરમાં હોય તેવી નિરાળી કૃષિ લોકસંસ્કૃતિ ઊડીને આંખે વળગે છે.

મહેર લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. ખૂબ જ મહેનતુ આ પ્રજા વહેલી પરોઢે ગાડા જોડીને ખેતરને ખોળે પહોંચી જતી હોય છે. મહેર લોકો આસ્થાળું, પ્રકૃતિ પ્રેમી, નિખાલસ, મહેનતું તથા હિંમતવાન હોય છે. એના શ્રમયજ્ઞની બરોબરી કરવી જેવા તેવાનું કામ નથી. મહેર લોકો પોતાની મહેનતના બળે ખેતરમાં ધાન્યના ઢગલા ઉત્પન્ન કરવા માટે પ્રખ્યાત છે. હરિયાળા પાકથી લચેલા ખેતરોમાં કુદરતને ખોળે ખેલતા મહેરનું જીવન નિરાળું હોય છે. મહેરનું જીવન સાદગી અને સરળતાથી ભરેલું છે. તેઓનો મુખ્ય ખોરાક ગોળ, ઘી, છાશ, દૂધ, દહીં, માખણથી માખેલા બાજરાના રોટલાની મોજ અદ્ભુત છે. તેમનું જીવન કુદરતને ખોળે ખિલતું હોય છે. આકરા શ્રમ પછી વૃક્ષોની ઘટામાં હાથનું ઓશિકું કરીને લંબાવી જવાની મહેર અદા ખરેખર દર્શનીય હોય છે. બળદને તેઓ દીકરા સમાન રાખે છે. સાંજે 'વાળુ પાણી' કરીને ડેલીએ કે ગામને ચોરે સત્સંગ કે ભજનભાવની પરંપરા મહેર સમાજમાં વર્ષોથી જોવા મળે છે.

મહેર લોકોના જૂનવાણી ગારમાટીના ઘરોમાં સુંદર ચિત્રો અને કલાના ઉત્તમ નમૂના જોવા મળે છે. ઘરમાં સજાવટમાં પેટારા, મજૂસ, કલાત્મક માંચી, નકશીવાળા ઘંટીના થાળા, કલાત્મક કાંધીઓ, ઘરના સુંદર ગોખલા, સ્તંભો, અલભ્ય અને દર્શનિય છે. આ ઉપરાંત ઘરના સુશોભનમાં કલાત્મક ચાકળા, ટોડલા, મોતી અને રેશમી દોરાથી ભરેલા તોરણો, જુલણીઓ, ઈંઢોળી, કળશ વગેરેની કલાકૃતિઓ બેનમૂન જોવા મળે છે.

### ❖ વસ્ત્રાલંકાર

મહેર જ્ઞાતિના વસ્ત્રો અને ઘરેણા નોખા અનોખા હોય છે. પહેરવેશ ભવ્ય, ભાતિગળ અને જોતાં જ ગમી જાય તેવો હોય છે. પુરુષ પાઘડી, ચોયણો, ખમીસ, આંગડી, ભેટાઈ વગેરે પહેરે છે. જયારે પ્રસંગોએ કે બહારગામ જતી વખતે આંટીયાણી પાઘડી પહેરે છે. જયારે લગ્નમાં પુરુષ રેશમના કાપડની લાલ પાઘડી અને લાલ વર ફેંટો બાંધતા જોવા મળે છે. મહેર સમાજની આંટીયાળી પાઘડીની બરોબરી આજે પણ થઈ શકે તેમ નથી. ઘોડે અસવારી કરતો અને પોતાના સુંદર વસ્ત્રો ધારણ કરતો મહેર ત્યારે રાજા મહારાજની જેમ દીપી ઉઠે છે. મહેર લોકો પોતાના પૌરુષી, ભરાવદાર ચહેરો, મર્દાના મૂંછો, તેજસ્વી મોટી આંખો, લાંબી સુદૃઢ કાયા અને પડછંદ દેખાય છે.

મહેરાણી પહેરવેશ પણ અનોખો અને સુંદર આંખોને ગમે એવો હોય છે. નાનપણમાં મહેર દીકરી ઘાઘરાને પોલકા ઉપર સુંદર આભલા જડેલી ઓઢણી ઓઢે છે. પ્રાચીન સમયમાં મહેર દીકરી ઘાઘરા અને ઉપર આંગણી પહેરતી હતી અને યુવાનીમાં દીકરી સફેદ કલરનું ઘાસિયું ધારણ કરે છે. જે સાદગી અને પવિત્રતાનું પ્રતિક છે. ઘાસિયું, કાપડું અને માથે પટોળું મહેરાણીના સૌંદર્યને સોળે કલાએ નિખારે છે. મહેરમાં દિકરી અને વહુની ઓળખ તેના પહેરવેશ પરથી થતી. દીકરી સફેદ ખાસિયું અને વહુ લાલ ઢાળવો પહેરે છે. લાલ ઢાળવો જે પરણિતાની નિશાની છે. આમ, મહેર સમાજના પહેરવેશ સાદગીપૂર્ણ છતાં સુંદર છે.

**❖ મહેર લોકોના આભૂષણ / અલંકારો**

મહેર સમાજના આભૂષણોની વિપુલતા અને વિવિધતા ખૂબ જ લોકપ્રિય છે. મહેર સમાજમાં સ્ત્રીઓ અને પુરુષો બન્ને ઘરેણા પહેરતાં, 'ઝૂંમણા' એ મહેર સમાજના અલંકારોની શાન છે. જેનું વજન લગભગ એક કિલોની આસપાસ હોય છે. લગ્ન સમયે દીકરો–દીકરીને ઝૂમણું પહેરાવવામાં આવે છે. વાર, તહેવાર અને લગ્ન પ્રસંગોએ મહેરાણીના મસમોટા દાગીના જોઈને એની ડોકના વખાણ કરવાનું મન થઈ એવો નજારો માત્ર આ સમાજમાં જ જોવા મળે છે. મહેર સ્ત્રીઓ દાગીના ડોડી, નથ, ચુડ, ચુડલા, ભુજબંધ, હાર, હાંસડી, કાંઠલી, ત્રોડા, બેડી, ફુલર, કંડીયા, માળા, તમણિયો, ત્રોટી, અકોટા, કાંબી, કડલા, વીંટી, આંટીવીટી,પોંચી, ફેરવા, ઠોરિયા, પાનડીયું, વેઢલા, ડૂલ, સીસોરિયા વગેરે અનેક દાગીના ધારણ કરતી હોય છે. ભાઈઓના દાગીનામાં ગંઠો, કાનફૂલ, ત્રોડી, માળા, સીસોરીયાં, બેડી, બાજુબંધ, સાંકરીમાળા, કડા, દોરો, વીંટી વગેરે મુખ્ય છે. મહેર સમાજમાં તમામ સામાજિક, ધાર્મિક પ્રસંગોએ તહેવારોએ વસ્ત્રાલંકારના દબદબાથી ઝળહળી ઉઠતા હોય છે. પરંપરાગત અલભ્ય અલંકારો અત્યારે વિદાય લઈ નામ માત્ર રહયા છે. મહેર સમાજે આગવી પરંપરા આજે પણ ટકાવી રાખી સમગ્ર રાજયમાં ગૌરવવંતુ સ્થાન ધરાવે છે.

**❖ ભાષા**

મહેર લોકોની અસલી તળપદી ભાષા તેની મીઠપ, મધુરતા તથા કર્ણપ્રિય રણકારને કારણે પ્રસિદ્ધ છે. આ સમાજમાં બોલવામાં આવતા અમુક શબ્દો અને કહેવતો ભાગ્યે જ કોઈ શબ્દકોષમાં જોવા મળે. મહેર ભાષ 'તુંકારા'ની ભાષા જણાય છે કારણકે મહેર લોકો વડીલો ને પણ તુંકારે બોલાવે છે. તુંકારો સ્વભાવગત છે અને એમાં તોછડાઈ કે અપમાનને બદલે પોતિકી લાગણી સમાયેલી હોય છે. મહેર ભાષામાં પિતાને બાપો, માતાને માડી, બહેનની બીન, દાદા કે નાનાને આતો, દાદી કે નાનીને આઈ કહેવામાં આવે છે. મહેર લોકો કોણને કુણ, શા માટે ને કીવા હારૂ, થઈ ગયોને થેગું, કયાં ને ઘાં, હવેને હેવ, શું કરો છો ને બદલે કાંવ કરો, શું છે ને કાંવ સે જેવા તળપદા શબ્દોનો ઉપયોગ જોવા મળે છે. મહેરની ભાષામાં અન્ય ભાષાના શબ્દો પણ આવે છે. મહેરની બોલી વિશિષ્ટ અને મીઠી છે. કેટલાક શબ્દો એવા પણ આવે છે જે ગુઢ અને રૂઢ હોય છે.

### ❖ ઉત્સવો અને તહેવારો

માણસ આનંદ પ્રાપ્તિ માટે ઉત્સવો ઉજવે છે. મહેર કોમ પણ ઉત્સવ પ્રિય છે. મહેર કોમમાં ઉત્સવોનું મહત્વ ઘણું છે. હોળીનો તહેવાર એ રંગ રાગનો તહેવાર છે. પહેલાના સમયમાં દીકરીએ રાત્રે ચોકમાં રાસડા રમતી, હોળીના દિવસે હોળી પૂજા કરી અને આખી રાત ઉત્સવનો આનંદ માણે છે. પુરુષો સવારે કુંભ કાઢી ગામની પ્રદક્ષિણા કરી ઝાંપામાં પ્રવેશે છે ત્યારે તેમને અટકાવવામાં આવે છે. આ વખતે યુદ્ધ જેવું દશ્ય ખડું થાય છે. પડવાના દિવસે ધૂળ અને ગુલાલ ઉડાડવામાં આવે છે. ઘણી જગ્યાએ તો છાણાથી ખેલવામાં આવે છે. ધૂળેટીથી લઈ ત્રણ દિવસ પડવો પાળવામાં આવે છે અને ચોકમાં પુરુષો રાસની રમઝટ બોલાવે છે.

બળેવનો તહેવાર પણ ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. આ તહેવારમાં હળ આકારની નાની એવી હરડી બનાવે છે અને હરડી જીતવા ગામના લોકો ભેગા થાય છે. હરડી ગોર મહારાજ પકડે છે અને યુવાનો દોડીને રેસ લગાડે છે અને જે પહેલો આવીને હરડી લઈ લે તે હરડી જીત્યો ગણાય. આ ઉપરાંત જન્માષ્ટમી, નવરાત્રી, દિવાળી, રામનવમી જેવા વિવિધ તહેવારો ઉજવે છે.

### ❖ રીતિ રિવાજો

મહેર સમાજમાં રીતિ રિવાજોની પણ નવીનતા અને વૈવિધ્ય જોવા મળે છે. બાળકના જન્મ પછી છઠ્ઠીના પ્રસંગે થી લઈને અંતિમવિધિ સુધી રિવાજોની એક સુંદર પરંપરા આ સમાજમાં જોવા મળે છે. પહેલાના સમયમાં બાળ સગપણે અને બાળલગ્નો અલ્પપ્રમાણમાં જોવા મળતા હતા. આ રિવાજ પ્રમાણે મોટા દીકરા–દીકરીના લગ્ન થતાં હોય તો સાથે નાનાના પણ લગ્ન કરી દેવામાં આવતા. જેનું મૂળ કારણ ખર્ચ નિવારવા અને સંબંધોની મજબૂતી પણ માનવામાં આવતું હતું. બાળકોના લગ્નમાં મા–બાપ પોતાની રીતે યોગ્ય પાત્ર પસંદ કરતા હોય છે અને બાળકો સ્વીકારી પણ લેતા અને સુખી ગૃહસ્થ જીવન જીવતા સગપણથી માંડીને લગ્ન સુધીના સમયગાળામાં દર હોળીને પડવે દિકરાના માવતર તરફથી પોતાની ભાવિ વહુને 'હારડા'માં કપડા, સવાશેર સાકર, ખારેક તથા હારડો આપવામાં આવે છે. મહેર સમાજના સગપણના પ્રસંગમાં બે રૂપિયા આપવાના, ગોળ ખાવાનો, દાગીના ચડાવવા વગેરે રિવાજ સામેલ છે. સમાજમાં દહેજના દૂષણને કયારેય સ્થાન મળ્યું નથી.

લગ્ન પ્રસંગે દીકરાને સજી ધજીને ઘોડા પર વરરાજાને બેસાડી આખા ગામમાં ઉમંગથી ફુલેકુ ફેરાવે છે. દાંડીયા રાસની રમઝટ તથા લગ્નગીતોના જકોરથી આખું ગામ ગુંજી ઉઠતું. મહેર સમાજમાં પરંપરાગત બારોટના ચોપડે નામ મંડાવવાનો રિવાજ પ્રચલિત છે. મહેર સમાજમાં લગ્નપ્રસંગે 'લાણ' અને પુત્ર જન્મ સમયની પહેલી હોળીએ 'વાડ' વહેંચવાનો ખાસ રિવાજ જોવા મળે છે જેમાં આખા ગામમાં પતાસા, ખજૂર યા ખાંડ વહેંચવામાં આવે છે. મહેર સમાજમાં વિધવા વિવાહ, ત્યકતા કે છૂટાછેડા થયેલાને પુનઃલગ્નની છૂટ મળતી આવી છે. મહેર સમાજમાં દેરવટું વારવા જેવા વિશેષ રિવાજ પણ જોવા મળે છે. તો મામા–ફુઈના સમોવડિયાના લગ્ન પણ કરવાનો રિવાજ છે. આવા કેટલાય રીતિ રિવાજોમાં મહેર લોકો બીજાથી જુદા પડે છે.

### ❖ સાંસ્કૃતિક વારસો

મહેર સમાજ પોતાની આગવી અને બહુરંગી સાંસ્કૃતિક પરંપરા માટે પણ વિખ્યાત છે. સ્વાભાવિક રીતે કુદરતના ખોળે ખેલાતું મહેર જીવન અલભ્ય સાંસ્કૃતિક વારસો ધરાવે છે. મહેર સમાજના લોકોની રગેરગમાં બાળપણથી જ પોતાના સાંસ્કૃતિક મૂલ્યો ધબકતા જોવા મળે છે. દાંડિયારાસ એમની પ્રિય અને આગવી નૃત્યકલા છે. મહેર સમાજ પોતાના 'મણિયારા રાસ'થી સમગ્ર વિશ્વમાં વિખ્યાત છે. જેની બરાબરી જગતનું કોઈ લોકનૃત્ય કરી શકે નહી. ઢોલ અને શરણાઈના શૂર શૌર્યગીત પર મહેર ખેલૈયાનો નામનો નજારો જોવો એક લહાવો છે. આ ઉપરાંત લાઠીદાવ, પટ્ટાબાજી, તલવારબાજી તથા ઘોડેસવારીના કરતબો જોવા મળે છે. આ સાંસ્કૃતિક વારસાનું એક ગૌરવવંતુ અંગ છે. દુહો, આધ્યાત્મિક, બોધપ્રદ, પ્રણય, વૈરાગ્ય, શૂરતાન પહેલી તથા લાગણીના દુહા વિશેષ સાંભળવા મળે છે.

મહેર જ્ઞાતિમાં ધાર્મિક આખ્યાનો, રામલીલા, કૃષ્ણલીલા, રામામંડળ તથા ભવાઈનું પણ અનોખું મહત્વ છે. જેમાં મનોરંજન સાથ સેવાકીય પ્રવૃત્તિઓ થાય છે. મહેર સમાજમાં શૂરવીરોના પાળિયાને 'શૂરોપૂરો' કહેવામાં આવે છે અને એને પૂજવાના સાંસ્કૃતિક પરંપરા પ્રવર્તે છે. મહેર સમાજની બહેનો હાથમાં, પગમાં અને ડોકમાં છુંદણા કરાવે છે. જેને ત્રાજવા ત્રોફાવવા કહે છે. આ ત્રાજવા મહેરાણીની આગવી ઓળખ ગણાય છે.

### ❖ ધર્મ અને ધાર્મિક માન્યતાઓ

મહેર લોકો હિન્દુ ધર્મ પાળે છે. તેઓ ભગવાન રામ, કૃષ્ણ, શિવ, ગણપતિ અને હનુમાન વગેરે અનેક દેવી–દેવતાઓને પૂજે છે. આ ઉપરાંત રામદેવપીરના પંથમાં એટલે કે સનાતન ધર્મમાં, ગોરખનાથ સંપ્રદાય, કબીર પંથ અને પ્રણામી ધર્મમાં પણ માને છે. તેઓ મૂર્તિ પૂજામાં શ્રદ્ધા ધરાવે છે. તેઓ પોતાની કુળદેવી માતાને માને છે. માનતા, બાધા રાખે છે. મહેર લોકો વાછરાડાડાને ખૂબ જ શ્રદ્ધાપૂર્વક માને છે. મહેરના દરેક ગામમાં વાછરાડાડાનું મંદિર, ઝાંપે હનુમાનજીનું મંદિર, ઠાકર મંદિર અને શિવ મંદિર હોય છે.

### ❖ વ્યવસાય

રાજવી પરંપરા ધરાવતી મહેર જાતિનો પરંપરાગત વ્યવસાય ખેતી અને પશુપાલન છે. મહેર સમાજે પોતાના ઉદ્ભવથી અત્યાર સુધી પોતાના વ્યવસાયને કારણે કુદરત તથા સમુદ્ર તટે તથા નદી કિનારાના મેદાનોનું સાનિધ્ય જાળવી રાખ્યું છે. મહેર લોકો પોતાની ખેતી, ખેત ઓજારો તથા પશુપાલન માટે જાણીતા છે. મહેર લોકોની વ્યવસાય પ્રકૃતિ આધારિત હોવાથી તેઓ વરુણ, વાયુ, અગ્નિ વગેરે દેવતાઓની આરાધના કરે છે. મહેર ખેડૂત ખેતરમાં ધાન્યના ઢગલા પકાવી સૌનું પોષણ કરતો હોવાથી તેને જગતનો તાત પણ કહેવામાં આવે છે. વરસાદ થતા વાવણી સમયે બળદોને ઘી તથા સિંદૂર વડે શિંગળા રંગી તેની પૂજા કરે છે. સ્ત્રી આ સમયે ઓજારને સાથિયો કરે. ખેડૂત તથા બળદને કંકુ ચોખાના ચાંદલા કરે. મોસમમાંથી અમુક ભાગ રામજી મંદિરના પુજારી માટે, ગામના ગોર માટે, બારોટ માટે, મહાદેવની આરતી માટે, ગાયોના ચાર માટે તથા પક્ષીઓની ચાગ માટે

અલગ રાખવાની પરંપરા મહેર સમાજમાં જોવા મળે છે. પરંપરાગત ખેતી પર નિર્ભર થવાને કારણે મહેર સમાજ શિક્ષણથી વંચીત રહેલ.

શિક્ષણના અભાવે મહેર પ્રજા સમય સાથે તાલ મિલાવી શકી ન હતી. આઝાદી પહેલાના સમયમાં મહેર જ્ઞાતિના શિરોમણી અને પોરબંદરના કલાગુરુ માલદેવ રાણા (માલદેવ બાપુ) એ ભાવસિંહજી હાઈસ્કૂલનાં કલા શિક્ષક તરીકે સેવા આપતા આપતા મહેર પ્રજાના શિક્ષણ, સંસ્કાર અને વિકાસની બગાવત શરૂ કરી. મહેર પ્રજાને પોતાનું જીવન સમર્પિત કર્યુ. માધવપુરના મેળામાં પ્રતિજ્ઞા લીધી કે જયાં સુધી મહેરના બાળકો માટે શિક્ષણની સુવિધા ઉભી કરી શકું નહી ત્યાં સુધી હું પાઘડી પહેરીશ નહીં. પાઘડીએ ઈજ્જતનું પ્રતિક હતું અને પાઘડીનું મહત્વ હતું અને માલદેવ બાપુએ જીવનપર્યત પાઘડી પહેરી ન હતી.

આમ, મહેર પ્રજા વચન, વટને ખાતર ફના થઈ જવામાં માનનારી પ્રજા છે. રાજાશાહી યુગમાં રાજયને વફાદાર રહેનાર મહેર પ્રજા ભૂતકાળમાં કયારેય કોઈનું આધિપત્ય સ્વીકાર્યુ નથી. મહેર સમાજે રાજય અને દેશના રક્ષણ માટે બલિદાન પણ આપ્યા છે. વીર નાગાર્જુન સિસોદિયા, નાથા મોઢવાડિયા, કાંધલ મહેર જેવા કેટલાય વીરોએ બહાદુરી અને શૌર્યથી દેશ, જાતિ અને રાજય માટે ફના થઈ ગયેલ છે. આમ, પોરબંદર પંથકની મહેર કોમની સંસ્કૃતિ, વિવિધતાસભર અને ભાતીગળ રહી છે.

**સંદર્ભસૂચિ**


(૧) પુરાણ પ્રસિદ્ધ પોરબંદર, પ્રકાશક–માહિતી નિયામકની કચેરી, ગુ. રા., ગાંધીનગર, પૃ. ૫૬

(૨) સુકલ્પ, ફેબ્રુઆરી, ૨૦૦૮, શ્રી મહેર સુપ્રિમ કાઉન્સીલ

(૩) પોરબંદર પ્રવાહ અને પ્રતિબિંબ, સંપાદક– ઘનશ્યામ મહેતા, પ્રકાશક સત્ સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, મહર્ષિ દયાનંદ સરસ્વતી માર્ગ, પોરબંદર

(૪) પોરબંદરનો ઈતિહાસ– નરોત્તમ પલાણ

(૫) લોક સંસ્કૃતિનો વારસો (વિરાસત) – જોરાવરસિંહ જાદવ